# ઈસાયલીઓની કાજી અને નબી દબોરા

## ફાધર વર્ગીસ પોલ

બાઈબલના જૂના કરારમાં દબોરા એક એવી સ્ત્રી છે જે ખુદ પોતાના શાણપણ અને નેતૃત્વના ગુણોથી ઈસાલી પ્રજાની આગેવાન બને છે. ઈ.સ. પુર્વે 12મી સદીમાં ઈસાયલી પ્રજા ઉપર કનાનના યાબીન રાજાએ બાર વર્ષ સુધી ભારે જુલમ ગુજાર્યો હતો. તે અરસામાં પરમેશ્વરની પ્રેરણાથી દબોરા એક કાજી અને નબી તરીકે પોતાના લોકો ઈસયાલીઓની સ્વાભાવિક રીતે આગેવાની લે છે.

દબોરાનો પરિચય આપતાં બાઈબલ નોંધે છેઃ "એ વખતે લપીદોથની પત્ની દબોરા ઈસાયલીઓની કાજી હતી. તે નબી હતી. એ ફ્રાઈમના પહાડી પ્રદેશમાં રામા અને બેથેલની વચ્ચે દબોરાનું તાલવૃક્ષ હતું. તેની નીચે તે બેસતી અને ઈસાયલીઓ ત્યાં તેની પાસે ફેંસલો કરાવવા આવતા."

કનાનના રાજા યાબીનના શક્તિશાળી સેનાપતિ સીસરાને પોતાના લોકો ઉપર જુલમ ગુજારતા જોઈને દબોરાએ નફતાલીમાં આવેલા કેદશ શહરેમાંથી બારાક દિન અબીનોમને તેડાવ્યો અને કહ્યું કે, "ઈસાયલના પરમેશ્વર પ્રભુની આ આજ્ઞા છેઃ નફતાલી અને ઝબુલોનમાંથી દસ હજાર માણસોને લઈને તાબોર પર્વત ઉપર જા. હું યાબીનના સેનાપતિ સીસરાને તેના રથો અને યોદ્ધાઓ સાથે કિશોન નદી આગળ તમારી સાથે લડવાને લઈ આશીવ અને તેરા હાથમાં સોંપી દઈશ."

દબોરાએ પહેલ કરી કે દશ શહેરમાંથી ઈસાયલીઓના એક સમૃદ્ધ યોદ્ધા બારાકને બોલાવ્યો અને દુશ્મનો સામે લડવા માટે ઈસાયલી સેનાના દસ હજાર માણસોને તૈયાર કરવા જણાવ્યું. અહીં બારાકનો પ્રતિભાવ નોંધપાત્ર છે. બારાકે દબોરાને કહ્યું, "તું જો મારી સાથી આવતી હયો તો હું જાઉઃ પણ તું જો મારી સાથે ન આવતી હોય તો હું ન જાઉં." અહીં પુરુષપ્રધાન યહૂદી પ્રજાનો એક સેનાપતિ યુદ્ધમોરચે જવા માટે એક સ્ત્રી દબોરાની આગેવાની તીવ્ર આગ્રહ કર છે એ વાત જ દબોરા વિશે ઘણું બધું કહી જાય છે.

શરૂઆતમાં ઈસાયલીઓની સલાહકાર અને ઝઘડા-કજિયાઓનું સમાધાન કરી આપનાર કાજીથી દબોરો પ્રભુથી પ્રેરાઈ તમને પયગંબર બનીને ઈસાયલીઓને આગેવાની પૂરી પાડે છે. હવે દબોરા એક સેનાપતિ પણ બનવા તૈયાર થાય છે અને બારાકને કહે છે. "જરૂર હું તારી સાથે યુદ્ધમોરચે આવીશ." પછી તેઓ બારાક સાથે કેદશ જઈને દસ હજાર સેનાના માણસોને ભેગા કરે છે.

બાઈબલ નોંધે છે, "બારાકે નફતાલી અને ઝબુલોનના માણસોને કેદશ બોલાવ્યા અને દસ હજાર માણસોને લઈને તે ઊપડયો. દબોરા તેની સાથે ગઈ." યુદ્ધના મોરચાએ દબોરાને પોતાની સાથે રાખવાનો સેનાપિત બારાકનો આગ્રહ અને એમાં એની દઢતા દબોરાના વ્યક્તિત્વ અને આગેવાનીના ગુણોની ઘોષણા કરે છે. વળી દબોરા પયગંબરી શક્તિ પણ ધરાવે છે. એટલે જ તેમણે બારાકને ઉગાઉથી જણાવ્યું કે, "જરૂર હું તારી સાથે આવીશ, પણ વિજયનું શ્રેય તને નહિ મળે, કારણ પ્રણુ, સીસરાને એક સ્ત્રીના હાથમાં સોંપી દેનાર છે."

દબોરા ખૂબ હિંમતવાન અને ભગવાન ઉપર અટલ શ્રધ્ધા ધરાવનાર સ્ત્રી પણ પુરવાર થાય છે. તે બરાબર જાણે છે કે દુશ્મન સૈન્યના સેનાપતિ સીસરાની પાસે લશ્કર, લોખંડના નવસો રથો અને ઘોડાઓ છે. છતાં પ્રભુના ભરોસે હિંમતથી બારાક અને એમના લશ્કરને ચાનક ચઢાવતાં તે કહે છેઃ "જલદી કર! આજે પ્રભુએ સીસરાને તારા હાથમાં સોંપી દીધો છે. પ્રભુ ક્યારનો તારી આગળ યુદ્ધ કરવા નીકળી પડયો છે."

દબોરાના આદેશ અનુસાર બારક નફતાલી અને ઝબુલોનના દસ હજાર માણસોને લઈને તાબોર પર્વત ઉપર પહોંચી ગયા. દુશ્મન સેનાપતિ સીસરા આ વાત જાણીને પોતાના બધા નવસોએ નવસો લોખંડના રથો અને લશ્કર સાથે કિશાન નદી આગળ પહોંચ્યા. પોતાના દુશ્મનોને આગળ વધતા જોઈને બારાક અને તેમના ચુનંદા દસ હજાર માણસો સામે થયા અને સીસરાનાં રથો અને લશ્કરને બેબાળકાં બનાવી દીધાં. સીસરા પોતે રથમાંથી કૂદી પડીને પગપાળા ભાગી ગયો. બારેકે હરોશેથ-હગોઈમ સુધી રથોનો અને લશ્કરનો પીછો કર્યો. સીસરાનું આખું લશ્કર તલવારથી વઢાઈ ગયું. એક પણ માણસ જીવતો રહેવા ન પામ્યો.

સીસરા ભાગીને કેની બેબરની પત્ની યાએલના તંબુમાં સંતાઈ રહેવા માટે અંદર ગયો. કારણ, સીસરાના રાજ યાબીન અને કેની હેબરના કટુંબ વચ્ચે સારો સંબંધ હતો. હેબરની પત્ની યાએલે સીસરાને પોતાના તંબુમાં આવકારીને દૂધ પાયું

ખરૂં. પરંતુ થાકીને તંબૂમાં લોથ થઈને ઘસઘસાટ ઊંઘતા સીસરાને તેણે એક હથોડો અને તંબૂનો ખૂંટો લઈને ગુપચુપ ખૂટાં તેની ખોપરીની આરપાર જમીનમાં જડી દીધો અને તે મરી ગયો.

સીસરાનો પીછો કરનાર બારાક યાએબલના તંબુ પર પહોંચ્યો ત્યારે ત્યાં સીસરાને ખોપરીમાં ખીંટા સાથે ભોંય પર મરેલો જોયો. એ રીતે દબોરાની અગમવાણી સાચી પડી કે બારાક નહિ પણ એક સ્ત્રીને વિજયનું શ્રેય મળશે. કારણ, "પ્રભુ સીસરાને એક સ્ત્રીના હાથમાં સોંપી દેનાર છે. દબોરાની આખી વાત કાજીના ગંર્થના અધ્યાય ચાર ઇને પાંચમાં આવે છે. બંને અધ્યાયોમાં દબોરાનું વર્ણન કાજી, નબી અને પ્રજાના આગેવાન તરીકે કરવામાં આવ્યું છે. અધ્યાય ચારમાં દબોરાની વાત ગધ્યમાં છે તો અધ્યાય પાંચમાં એ જ વાત દબોરાના વિજયગીત તરીકે પધ્યમાં કહેવામાં આવી છે બંનેમાં દબોરા જ કેન્દ્રસ્થાને હોવા છતાં બંને અધ્યાયોમાં આપેલી વિગતોમાં વૈવિધ્ય છે."

અધ્યાય પાંચમાં દબોરા ખૂબ કાવ્યમય રીતે પોતાનું વિજયગાન ગાતાં કલ્પના દોડાવે છે કે,

"તારાઓ પણ આકાશમાં રહ્યા રહ્યા લડાયા,
તારાઓ કક્ષમાં ઘૂમતા ઘૂમતા ઘૂમતા
સીસરા સામે લડયા,
કિશોન નદીનું પૂર તેમને તાણી ગયું,
કિશોનના પૂરે તેમને ભાગતા ખાળ્યા.
ઓ મારા જીવ, આગળ વધ,
પૂરી શક્તિથી આગળ વધ!"

વળી, સીસરાને મારી નાખવા માટે  દબોરા કેની હેબરની પત્ની યાએલની કીર્તિ ગાય છે.

"બધી સ્ત્રીઓમાં કેની હેબરની વહુ યાએલ
બડભાગી છે.
તંબૂમાં વસતી બધી સ્ત્રીઓમાં તે
બડભાહી છે.

સીસરાએ પાણી માગ્યું,

એણે તેને દૂધ આપ્યું.

કીમતી કટોરામાં એણે તેને માખણ લાવી આપ્યું.

તેણે લંબાવીને તંબૂનો ખૂંટો લીધો,

જમણે હાથે તેણે કારીગરનો હથોડો ઉપાડયો.

તેણે સીસરાને હથોડો મારી તેનું માથું છૂંદી નાખ્યું,

તેણે તેની ખોપરી આરપાર વીંધી નાખી."

દબોરાના આખા વિજયગાનમાં ભગવાન પ્રત્યેની એની ભક્તિ તેમજ પોતાની પ્રજા પ્રત્યેની એની પ્રતિબદ્ધતા છતી થાય છે.

કનાનના રાજા યાબીન સામે ઈસાયલી પ્રજાના વિજયથી રાજા ઉપર ઈસાયલીઓની ધાંસ ઉત્તરોત્તર વધતી ગઈ અને આખરે તે નાશ પામ્યો. એટલે ઈસાયલમાં ચાળીસ વર્ષ સુધી શાંતી રહી.

આજે 15મી સદીમાં ફ્રાન્સના સૈન્યને ઈંગ્લેન્ડ સામેના યુદ્ધમાં વિજય તરફ દોરી જનાર જોન ઓફ આર્ક સાથે દબોરાની સરખામમી થાય છે. ઈતિહાસના પામે દબોરા જેવાં સ્ત્રીપાત્રો વિરલ હોય છે !

(છેલ્લે બદલ્યાની તારીખઃ 01-09-2006)

(ફરી બદલવાની તારીખઃ 16-09-2006)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2006